Rajkot Municipal Corporation

Genral Board Question Detail Report

માહે નવેમ્બર-૨૦૨૬ સમગ્ર સભાની સાધારણ મીટીંગ (જનરલ બોર્ડ)

General Board Date:	20-11-2026
Question No:	8(1)
Corporator Name:	JAYSHRIBA DASHRATHSINH JADEJA - Corporator : Ward 12
Question Subject:	ડિવાઈડર તેમજ સેન્ટ્રલ લાઈટ બાબત રાજકોટ શહેરમાં 18 મીટરના એવા કેટલા રોડ છે કે જેમા સેન્ટ્રલ લાઈટ અને ડિવાઈડર છે તે લેખિત માં જણાવો તેમજ નવો કોઈ એવો પરિપત્ર છે કે હવે 18 મીટર ના રોડ માં ડિવાઈડર અને સેન્ટ્રલ લાઈટ નાખવા નહીં તે જણાવવા વિનંતી.
Department:	BANDHKAM,BANDHKAM (EZ),BANDHKAM (WZ),ROSHNI BRANCH
Ward:	OTHER
Employee:	E2464-ADHIYA PARESH DHIRENKUMAR,E2582-JIVANI BHAVESHBHAI DHIRAJLAL,E2634-MEHTA KUNTESHKUMAR KHANDUBHAI,E3784-RAVAL ATUL ANIRUDDHBHAI
Question Detail:	-
Question Date:	12-11-2026

Answer Details:

રાજકોટ મહાનગરપાલિકા હસ્તકના 18.00 મીટર ROW ધરાવતા કુલ - ૪૭ રસ્તાઓ છે. જે પૈકી કુલ - ૧૮ રસ્તાઓમાં સેન્ટ્રલ ડિવાઈડર છે. તથા કુલ - ૧૬ રસ્તાઓમાં સેન્ટ્રલ લાઈટીંગ છે.

ડિવાઈડર તથા સેન્ટ્રલ લાઈટીંગ ન કરવા અંગે રાજકોટ મહાનગરપાલિકાનો કોઈ પરિપત્ર નથી. પરંતુ જે રસ્તા પર બંને તરફ ૭.૦૦ મી. પહોળાઈ ધરાવતા કેરેજ-વે મળી રહેતા હોય ત્યાં તથા ટ્રાફિકની પરિસ્થિતી, રોડને લાગુ ડેવલપમેન્ટને ધ્યાનમાં રાખી ડિવાઈડર તથા સેન્ટ્રલ લાઈટીંગની કામગીરી કરવામાં આવે છે.

RAVAL ATUL ANIRUDDHBHAI
BANDHKAM - DY EX ENGINEER CIVIL

18-11-2026 06:25 PM

માહે નવેમ્બર-૨૦૨૬ સમગ્ર સભાની સાધારણ મીટીંગ (જનરલ બોર્ડ)

General Board Date:	20-11-2026
Question No:	8(2)
Corporator Name:	JAYSHRIBA DASHRATHSINH JADEJA - Corporator : Ward 12
Question Subject:	વાવડી સર્વે નંબર 39 પૈકી 3 ટી.પી સ્કીમ નંબર 14 નવરંગ ઉદ્યોગિક સૂચિત સોસાયટીના પ્લોટ નંબર 25 થી 48 માં કેટલા પ્લોટની ઈમ્પેક્ટ ફી ભરેલી છે તે લેખીતમાં જણાવો, ગત વખતે પ્રશ્ન પૂછવામાં આવેલો પણ અધુરી માહિતી આપેલી છે તો પ્લોટ નંબર 25 થી 48 ના કેટલા પ્લોટ ના ઈમ્પેક્ટ ભરેલી છે તે જણાવો તેમજ સર્વે નંબર 39 પૈકી 3 મા અને સર્વે નંબર 27 મા ટીપી સ્કીમમા રિઝર્વેશન માં કેટલા ટકા જગ્યા રાખેલી છે એ લેખિતમાં જણાવો.
Department:	TOWN PLANNING
Ward:	OTHER
Employee:	9727727839-HITARTH M ARYA (TPO)
Question Detail:	-
Question Date:	12-11-2026

Answer Details:

રાજકોટ મહાનગરપાલિકાનાં વોર્ડ નં.૧૨ માં મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૧૪(વાવડી), સર્વે નં.૩૯/૩/P ને મૂળખંડ નં.૧૬ તરીકે દર્શાવી તે અન્વયેના અંતિમ ખંડ નં.૧૬/૧ તથા ૧૬/૨ ફાળવવામાં આવેલ છે. સદરહુ સ્કીમ મુસદ્દારૂપ છે. તેમજ સ્થાનિકે સૂચિત સોસાયટી હોય, જેનું પ્લોટ નંબર સાથેનું રેકર્ડ અત્રે ઉપસ્થિત નથી.

અત્રેના ઉપલબ્ધ રેકર્ડ ચકાસતા વાવડી ટી.પી. સ્કીમ નં.૧૪(મુસદ્દારૂપ) માં સર્વે નં. ૩૯/૩/P ને મૂળખંડ નં.૧૬ તરીકે દર્શાવી તે અન્વયેના અંતિમ ખંડ નં.૧૬/૧, ૧૬/૨ માં કુલ-૧૩ અરજદારશ્રી દ્વારા ઈમ્પેક્ટ ફી ભરેલ હોય તેવું જણાય આવેલ છે. જેનો પ્રત્યુતર અગાઉના જનરલ બોર્ડમાં આપવામાં આવેલ છે.

મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૧૪-વાવડીના સર્વે નંબર ૩૯ પૈકી ૩ ને મૂળખંડ નં.૧૬ તરીકે દર્શાવેલ છે. જેમાં ટી.પી. મુજબ રીઝર્વેશનની કપાત ૯% તેમજ સર્વે નંબર ૨૭ ને મૂળખંડ નં.૨ તરીકે દર્શાવેલ છે. જેમાં ટી.પી. મુજબ રીઝર્વેશનની કપાત ૪૦% જેટલી કપાત થયેલ છે. જેથી વિદિત થશો.

HITARTH M ARYA (TPO)
-
17-11-2026 07:46 PM

એનેક્ષર-એ

જનરલ બોર્ડ પ્રશ્ન નં. ૮(૨)

વાવડી ટી.પી. સ્કીમ નં.૧૪(મુસદ્દારૂપ) માં સર્વે નં. ૩૯/૩/P ને મૂળખંડ નં.૧૬ તરીકે દર્શાવી તે અન્વયેના અંતિમ ખંડ નં.૧૬/૧, ૧૬/૨ માં GRUDA અંતર્ગત મંજુર કરવામાં આવેલ પ્રકરણની વિગતો

Sr. No.	Ruda Inward No./Date	Ward	Name	Survey No.	F.P. No.	Address	N.O.C.	Building Type
૧	૯૩૦/૨૦૧૩ ૧૯/૦૮/૨૦૧૩	૨૪	શ્રી કિરણબેન જેન્તીલાલ સોરઠીયા તથા પ્રભાબેન તુલસીભાઈ સોરઠીયા	૩૯/૩	૧૬/૨	"રાજ લક્ષ્મી ઈન્ડ.", નવરંગ ઈન્ડ. એરીયા, વાવડી	૧૫૫૦૪ ૨૩/૩/૨૦૧૫	Industrial
૨	૯૩૩/૨૦૧૩ ૧૯/૦૮/૨૦૧૩	૨૪	શ્રી કિરણબેન જેન્તીલાલ સોરઠીયા તથા પ્રભાબેન તુલસીભાઈ સોરઠીયા	૩૯/૩/પૈકી	૧૬/૨	"રાજ લક્ષ્મી ઈન્ડ.", નવરંગ ઈન્ડ. એરીયા, વાવડી	૧૫૫૦૫ ૨૩/૩/૨૦૧૫	Industrial
૩	૭૬૦/૨૦૧૩ ૧૪/૦૮/૨૦૧૩	૨૪	શ્રી વિપુલભાઈ એમ. મોણપરા તથા વિગેર	૩૯/૩/પૈકી	૧૬/૧	ફાલ્કત પંપની બાજુમાં, પ્રશાંત કાસ્ટીંગ પાસે, વાવડી મેઈન રોડ, રાજકોટ	૧૬૩૪૩ ૦૯/૦૯/૨૦૧૫	Industrial
૪	૮૧૪/૨૦૧૩ ૧૭/૮/૨૦૧૩	૨૪	શ્રી અલ્કાબેન લલીતભાઈ સંજેરીયા	૩૯/૩	૧૬/૨	'પ્રશાંત કાસ્ટીંગ' સામે, વાવડી, રાજકોટ	૧૫૫૩૦ ૨૪/૪/૨૦૧૫	Industrial
૫	૮૪૧/૨૦૧૩ ૧૭/૮/૨૦૧૩	૨૪	શ્રી મગનભાઈ પોપટભાઈ સંજેરીયા	૩૯/૩	૧૬/૨	'પ્રશાંત કાસ્ટીંગ' સામે, વાવડી, રાજકોટ	૧૫૫૩૧ ૨૪/૪/૨૦૧૫	Industrial
૬	૮૪૨/૨૦૧૩ ૧૭/૮/૨૦૧૩	૨૪	શ્રી મગનભાઈ પોપટભાઈ સંજેરીયા	૩૯/૩	૧૬/૨	'પ્રશાંત કાસ્ટીંગ' સામે, વાવડી, રાજકોટ	૧૫૫૩૨ ૨૪/૪/૨૦૧૫	Industrial
૭	૮૪૦/૨૦૧૩ ૧૭/૮/૨૦૧૩	૨૪	શ્રી મગનભાઈ પોપટભાઈ સંજેરીયા	૩૯/૩	૧૬/૨	'પ્રશાંત કાસ્ટીંગ' સામે, વાવડી, રાજકોટ	૧૫૫૩૩ ૨૪/૪/૨૦૧૫	Industrial
૮	૮૪૩/૨૦૧૩ ૧૭/૮/૨૦૧૩	૨૪	શ્રી અલ્કાબેન લલીતભાઈ સંજેરીયા	૩૯/૩	૧૬/૨	'પ્રશાંત કાસ્ટીંગ' સામે, વાવડી, રાજકોટ	૧૫૫૩૫ ૨૪/૪/૨૦૧૫	Industrial
૯	૮૪૩/૨૦૧૩ ૧૭/૮/૨૦૧૩	૨૪	શ્રી દિપકભાઈ વલ્લભભાઈ ઘેલાણી	૩૯/૩	૧૬/૨	'પ્રશાંત કાસ્ટીંગ' સામે, વાવડી, રાજકોટ	૧૫૫૩૬ ૨૪/૪/૨૦૧૫	Industrial

Sr. No.	Ruda Inward No./Date	Ward	Name	Survey No.	F.P. No.	Address	N.O.C.	Building Type
૧૦	૦૭/૨૦૧૩ ૦૪/૦૧/૨૦૧૩	૨૪	શ્રી રમેશભાઈ એમ. મેણપરા	૩૯/૩/પૈકી	૧૬/૧	ફાલ્કત પંપની બાજુમાં, પ્રશાંત કાસ્ટીંગ પાસે, વાવડી મેઈન રોડ, રાજકોટ	૧૬૩૩૯ ૦૯/૦૯/૨૦૧૫	Industrial
૧૧	૦૮/૨૦૧૩ ૦૪/૦૧/૨૦૧૩	૨૪	શ્રી શૈલેશભાઈ વી. કાકડીયા	૩૯/૩/પૈકી	૧૬/૧	ફાલ્કત પંપની બાજુમાં, પ્રશાંત કાસ્ટીંગ પાસે, વાવડી મેઈન રોડ, રાજકોટ	૧૬૩૪૦ ૦૯/૦૯/૨૦૧૫	Industrial
૧૨	૦૯/૨૦૧૩ ૦૪/૦૧/૨૦૧૩	૨૪	શ્રી પંકજભાઈ એલ. અકબરી	૩૯/૩/પૈકી	૧૬/૧	ફાલ્કત પંપની બાજુમાં, પ્રશાંત કાસ્ટીંગ પાસે, વાવડી મેઈન રોડ, રાજકોટ	૧૬૩૪૧ ૦૯/૦૯/૨૦૧૫	Industrial
૧૩	૧૦/૨૦૧૩ ૦૪/૦૧/૨૦૧૩	૨૪	શ્રી ભરતભાઈ એલ. અકબરી	૩૯/૩/પૈકી	૧૬/૧	ફાલ્કત પંપની બાજુમાં, પ્રશાંત કાસ્ટીંગ પાસે, વાવડી મેઈન રોડ, રાજકોટ	૧૬૩૪૨ ૦૯/૦૯/૨૦૧૫	Industrial

માહે નવેમ્બર-૨૦૨૬ સમગ્ર સભાની સાધારણ મીટીંગ (જનરલ બોર્ડ)

General Board Date: 20-11-2026

Question No: 8(3)

Corporator Name: JAYSHRIBA DASHRATHSINH JADEJA - Corporator : Ward 12

Question Subject: રાજકોટ શહેરના વિવિધ વિસ્તારોમાં સખી મંડળો અને સફાઈ કામદારો દ્વારા નિયમિત રીતે રસ્તાઓ વાળીને સફાઈ કરવામાં આવે છે. પરંતુ, સફાઈ કર્યા બાદ રસ્તાની સાઈડમાં એકઠી થયેલી ધૂળ (ડસ્ટ) અને કચરાના ઢગલા દિવસો સુધી ઉપાડવામાં આવતા નથી, જેના કારણે વાહનોની અવરજવરના લીધે ધૂળ ફરીથી ફરીથી ઉડીને રસ્તા પર ફેલાય છે અને પ્રદુષણ ફેલાવે છે, આ સંદર્ભે જણાવશો કે

i) વાળેલી ધૂળ અને કચરાના ઢગલા ઉપાડવાની જવાબદારી કયા કોન્ટ્રાક્ટર (ટીપર વાન કે અન્ય) ના ટેન્ડર ની શરતોમાં આવે છે ?

ii) જે તે વોર્ડના સેનેટરી ઈન્સ્પેકટર (SI) દ્વારા આ બાબતે સુપરવિઝન કેમ કરવામાં આવતુ નથી ?

iii) કામગીરીમાં બેદરકારી દાખવનાર કોન્ટ્રાક્ટર સામે અત્યાર સુધીમાં કેટલી પેનલ્ટી (દંડ) વસૂલવામાં આવી છે અને આ સમસ્યાના કાયમી નિકાલ માટે તંત્ર શું પગલાં લેવા માંગે છે ?

આ બધી માહિતી લેખિતમાં જણાવો

Department: SOLID WASTE MANAGEMENT

Ward: OTHER

Employee: E2876-SOLANKI PRAJESHKUMAR C.

Question Detail: -

Question Date: 12-11-2026

Answer Details: (૧) કચરાના ઢગલા સફાઈ કામદાર તેઓની પાસેના વ્હિલબરોમાં નાખીને ટીપરવાનમાં નાખવામાં આવે છે. તદઉપરાંત રોડ પર કરેલ ઢગલા તે રૂટમાં આવતી ટીપરવાન મારફત લેવામાં આવે છે. પાર્ટ ટાઈમ સફાઈ કામગીરી તેમજ ડોર ટુ ડોર ગાર્બેજ કલેકશન કામગીરીના કોન્ટ્રાકટર પાસે ટેન્ડરની શરતો અનુસાર કચરાનાં ઢગલા ઉપાડવામાં આવે છે.

(૨) જે તે વોર્ડના સેનેટરી ઈન્સપેકટર (S.I) દ્વારા આ બાબતે નિયમીત રૂપે સુપરવિઝન કરવામાં આવે છે.

(૩) પાર્ટ ટાઈમ સફાઈ કામગીરી તેમજ ડોર ટુ ડોર કોન્ટ્રાકટરને આ સાથે સામેલ લીસ્ટ મુજબ દંડ કરવામાં આવેલ છે.

SOLANKI PRAJESHKUMAR C
SOLID WASTE MANAGEMENT - DY. ENVIRONMENTAL ENGINEER 17-11-2026 06:19 PM

રાજકોટ મહાનગરપાલીકાના ૧ થી ૧૮ વોર્ડમાં કાર્યરત સખી મંડળ / મિત્ર મંડળ, પાર્ટ ટાઇમ મેન પાવર દ્વારા સફાઇ કામગીરી તેમજ ડોર ટુ ડોર ગાર્બેજ કલેકશન અંગેના કોન્ટ્રાકટર / એજન્સીને તા. ૦૧/૦૪/૨૦૨૬ થી તા.૩૦/૦૯/૨૦૨૬ સુધીમાં કરવામાં આવેલ દંડ (પેનલ્ટી)ની વિગત.

ક્રમ	વિગત	દંડ (પેનલ્ટી) રકમ રૂ.
૧	ડોર ટુ ડોર ગાર્બેજ કલેકશન	૧,૦૭,૭૯,૦૫૭ /-
૨	પાર્ટ ટાઇમ સફાઇ કામગીરી	૫૬,૧૬,૨૨૫/-
૩	સખી મંડળ / મિત્ર મંડળ	૧૨,૨૮,૩૦૦/-
ટોટલ		૧,૭૬,૨૩,૫૮૨/-